ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૨૫.૬ ડીગ્રી
લઘુતમ : ૮.૮ ડીગ્રી
ભેજ
સવારે ૮૭ ટકા ● સાંજે ૫૯ ટકા

# શહેરમાં હવે સીસીટીવીની બાજ નજરથી કોઈ છટકી નહિં શકે..!

## જિલ્લામાં સીસીટીવી સર્વેલન્સ સંબંધિત કામગીરી તેજ બનશે : જિલ્લાના સીસીટીવી કમાન્ડ એન્ડ કંટ્રોલ રૂમ ખાતે પોલીસ સ્ટાફની નિમણુક કરાશે : સીસીટીવી સર્વેલન્સ, ઈ-ચલણ અને પોસ્ટ ઈન્સીડેન્ટ ઈન્વેસ્ટિગેશન સહિતની કામગીરી સઘન બનાવવા ૭૦ જેટલા પોલીસ કર્મચારી-અધિકારીઓના ઈન્ટરવ્યૂ લેવાયા

ગાંધીનગર, તા.૨૪

ટ્રાફિકના નિયમનનું ઉલ્લંઘન કરીને ફરતા એકેય વાહનચાલકો હવે ગાંધીનગરમાં લાગેલા સીસીટીવી કેમેરાથી બચી શકશે નહી તેવુ કહેવુ સહેજ પણ અતિશયોક્તિ ભર્યુ નથી. કેમકે જિલ્લામાં સીસીટીવી સર્વેલન્સ સંબંધિત કામગીરી સઘન બનાવવા માટે જિલ્લા પોલીસ અધિક્ષકે કવાયત શરૂ કરી છે. સેફ એન્ડ સિક્યોર ગુજરાત પ્રોજેક્ટ અંતર્ગત ગાંધીનગર જિલ્લામાં કાર્યરત સીસીટીવી કમાન્ડ એન્ડ કંટ્રોલ રૂમ ખાતે મોટા પ્રમાણમાં પોલીસ સ્ટાફની નિમણૂક કરવાની કાર્યવાહી શરુ કરી દેવામાં આવી છે. આજે બપોરે જિલ્લા પોલીસ અધિક્ષકની કચેરી ખાતે સીસીટીવી કમાન્ડ એન્ડ કંટ્રોલ રૂમની ફરજ બજાવવા ઈચ્છુક ૭૦ જેટલા પોલીસ અધિકારી-કર્મચારીઓના ઈન્ટરવ્યૂ કરવામાં આવ્યા હતા. આ યુનિટમાં સ્ટાફની નિમણૂક થઈ ગયા બાદ જિલ્લામાં સીસીટીવી સર્વેલન્સ, ઈ-ચલણ અને પોસ્ટ ઈન્સીડેન્ટ ઈન્વેસ્ટિગેશન સહિતની કામગીરી પૂરજોશમાં શરૂ કરી દેવામાં આવશે.

રાજયના પાટનગર ગાંધીનગર શહેરમાં તમામ મુખ્ય માર્ગો તથા તમામ સર્કલો પર સીસીટીવી કેમેરા લગાડવામાં આવ્યા છે. મહાનગર પાલિકા દ્વારા સ્માર્ટ સિટી પ્રોજેક્ટ અંતર્ગત



સીસીટીવી કેમેરા લગાડવામાં આવ્યા છે તો બીજી તરફ સેફ એન્ડ સિક્યોર ગુજરાત પ્રોજેક્ટ અંતર્ગત શહેરમાં હાઈ ડેફિનેશન અને નાઈટ વિઝન અને નંબર પ્લેટ તથા ફેસ રિકનાઈઝેશન સહિતની હાઈ ટેક સિસ્ટમ ધરાવતા સીસીટીવી કેમેરા પણ શહેરના માર્ગો પર લગાડી દેવામાં આવ્યા છે. શહેરમાં ચારે તરફ ૭૦૦થી વધુ સીસીટીવી કેમેરા લગાડી દેવામાં આવ્યા હોવાનું જાણવા મળે છે ત્યારે હાથમાં સીસીટીવી કેમેરાનું મોનિટરિંગ ગાંધીનગર જીલ્લા પોલીસ અધિક્ષકની કચેરી ખાતે આવેલા સીસીટીવી કમાન્ડ એન્ડ કંટ્રોલ રૂમ ખાતે થવાનું છે. આ યુનિટમાંથી સીસીટીવી સર્વેલન્સ, ઈ-ચલણ અને પોસ્ટ ઈન્સીડેન્ટ ઈન્વેસ્ટિગેશન સહિતની કામગીરી કરવામાં આવશે, જે કામગીરી માટે હાલ પોલીસ પાસે પૂરતો સ્ટાફ નથી. જેને ધ્યાને લઈને ગાંધીનગર જિલ્લા પોલીસ અધિક્ષક મયુર ચાવડાએ તાજેતરમાં જ તમામ પોલીસ મથકના ઈન્ચાર્જને આદર્શ કર્યા હતા કે તેમના પોલીસ મથકમાંથી જે પોલીસ કર્મચારી અધિકારી આ યુનિટમાં ફરજ બજાવવા ઈચ્છતા હોય અને કમ્પ્યુટર અને સીસીટીવી કેમેરા સંબંધિત જ્ઞાન ધરાવતા પોલીસ અધિકારી કર્મચારીઓની યાદી મંગાવી હતી અને તેમની પાસેથી અરજીઓ મંગાવવામાં આવી હતી. ૬૮ પોલીસ અધિકારી-કર્મચારીઓએ આ યુનિટમાં ફરજ બજાવવાની ઈચ્છા વ્યકત કરીને આ માટે અરજી કરી હતી. આજે જિલ્લા પોલીસ અધિક્ષકની કચેરી સેક્ટર-૨૭ ખાતે પોલીસ તાલીમ કેન્દ્રમાં આ તમામ પોલીસ અધિકારી-કર્મચારીઓને રૂબરૂ મુલાકાત અર્થે બોલાવવામાં આવ્યા હતા અને તેમના ઈન્ટરવ્યુ લઈ હવે આ યુનિટમાં લાયક કર્મચારીઓને નિમણૂક આપવામાં આવશે.

# ગાંધીનગર રેલ-વે સ્ટેશન પર ટ્રેનો બંધ કરાતા મુસાફરો મુસીબતમાં મુકાયા

## રેલ-વે તંત્ર ટ્રેનો બંધ થવાની છે તેની જાણ અગાઉથી મુસાફરોને કરવાનું ચુકી ગયું

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર કેપીટલ રેલવે સ્ટેશનથી ઉપડતી અને પસાર થતી ત્રણ ટ્રેનોને આજતી રેલ-વે તંત્ર એ અચાનક જ કોઈ પણ પ્રકારની જાણ વગર બંધ કરી નાખી છે જેથી મુસાફરો અને ટીકીટધારકો ભારે મુશ્કેલીમાં મુકાઈ ગયા છે. રેલવે તંત્રની આ પ્રકારની નીતિ સામે મુસાફરો રોષે ભરાયા છે અને રેલવે તંત્ર મુસાફરોને પડતી તકલીફ સામે જરુરી કાર્યવાહી કરે તેવી માંગ કરી રહ્યા છે.

ગાંધીનગર રેલ-વે સ્ટેશન ખાતે માત્ર ગણતરીની જ ટ્રેનોની અવર જવર સામાન્ય દિવસોમાં થાય છે. સ્થાનિક મુસાફરો પણ ઓછી ટ્રેનો સામે જાતે અનુકુળ બની ટ્રેનોની મુસાપરી ચુપચાપ કરી રહ્યા છે. આ રેલવે સ્ટેશન પર દરરોજ અવરજવર કરતી શાંતિ એકસપ્રેસ, હરિદ્વાર મેઈલ અને ગરીબ રથ ટ્રેનનો લાભ મુસાફરો લઈ રહ્યા છે. પરંતુ રેલ-વે તંત્રએ ગત ૨૩મી જાન્યુઆરી ૨૦૧૯ના રોજ આ ટ્રેનો અચાનક બંધ કરવાનો નિર્ણય લઈ લીધો છે જેની મુસાફરોને અગાઉથી કોઈ જ પ્રકારની જાણ કરાઈ નથી જેથી મુસાફરો અને ટીકીટધારકો ભારે મુશ્કેલીમાં મુકાઈ ગયા છે. ટ્રેન અચાનક જ બંધ કરવામાં આવતા ટીકી ખરીદ્યા પછી પણ મુસાફરીથી વંચિત રહેવાનો વારો આવ્યો છે.

વિકાસનું કામ ગાંધીનગર કેપીટલ રેલ-વે સ્ટેશન પર થઈ રહ્યું છે. પરંતુ તે અંગે તંત્રએ પહેલેથી વિચારવું જોઈએ અને ટ્રેન બંધ થાય તે પહેલા મુસાફરોને જાણ કરવાનું તંત્ર ચુકી ગયું છે તેવો રોષ મુસાફરો ઠાલવી રહ્યા છે. મુસાફરને પડતી તકલીફ સામે જરુરી કાર્યવાહી કરી તેનું સત્વરે નિવારણ લાવવા મુસાફરોએ માંગ કરી છે તેમ શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણભાઈ બુચે રજુઆત કરી છે.

# રવિવારે આઈઆઈટીજી પાલજ ખાતે નિઃશુલ્ક તબીબી ચેકઅપ મેળો

## આસપાસના છ ગામોમાં લાભાર્થીઓને લાવવા મુકવાની ટ્રાન્સપોર્ટ સેવા પણ વિના મુલ્યે પુરી પડાશે

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગરના પાલજ સ્થિત ઈન્ડિયન ઈન્સ્ટિટયુટ ઓફ ટેકનોલોજી-આઈઆઈટીજી ખાતે તા. ૨૭મી જાન્યુઆરી રવિવારે સવારે ૯.૩૦ થી સાંજના ૪ વાગ્યા દરમિયાન 'સંજીવની' મફત તબીબી ચેકઅપ મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. આ ચેકઅપ કેમ્પમાં આઈઆઈટી દ્વારા પાલજ, બાસણ, લેકાવાડા, આલમપુર, શાહપુર થતા ધોળાકુવા એમ કુલ છ ગામના ગ્રામજનો માટે વિના મુલ્યે પરિવહન સેવા પણ પુરી પાડવામાં આવશે.

આઈઆઈટી ગાંધીનગર દ્વારા દેસાઈ ફાઉન્ડેશન, આઈપીએચજી તથા મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઓફ બરોડાના સહયોગથી આયોજિત આ નિઃશુલ્ક ચેકઅપ કેમ્પમાં રાજયના આરોગ્ય સચિવ ડૉ. જયંતિ રવિ પણ ઉપસ્થિત રહેશે. ચેકઅપ કેમ્પમાં વિના મૂલ્યે આરોગ્ય ચકાસણીમાં ત્વચા, મહિલા રોગ, દાંત, હાડકાં, આંખો વગેરેને લગતા રોગોની તપાસ કરવામાં આવશે તેમજ રાહત દરે ચશ્માનુ વિતરણ કરાશે. આ ઉપરાંત કેમ્પ દરમિયાન આરોગ્ય વર્કશોપ, નુકકડ નાટક સહિતના અનેક મનોરંજન યોજાશે અને દર્દીઓને જરૂરિયાત મુજબની દવાઓ વિના મૂલ્યે પુરી પડાશે. આ ઉપરાંત કેમ્પ દરમિયાન ખેડૂતો માટે પણ ૧૦.૩૦ કલાકે ખેડૂત જાગરુકતા કાર્યક્રમ યોજાશે જેમાં ખેતીની જમીનમાંથી લાવેલ જમીનનું પરીક્ષણ કરી આપવામાં આવશે.

## મહિલા રોકડ પુરસ્કાર માટે અરજી કરવા જોગ

સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત ગાંધીનગર દ્વારા વર્ષ ૨૦૧૮-૧૯ના વર્ષ દરમિયાન વિવિધ રમતોની રાજયકક્ષાની શાળાકીય સ્પર્ધામાં અન્ડર ૧૪, ૧૭ અને ૧૯ તથા સ્કુલ ગેઈમ્સ ફેડરેશન ઈન્ડિયા દ્વારા આયોજીત રાષ્ટ્રકક્ષાની સ્પર્ધામાં સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત દ્વારા રાજયનું પ્રતિનિધિત્વ કરેલ (ભાગ લીધેલ) મહિલા ખેલાડીઓને કોઈ પણ એક જ રમતમાં તેમજ એક જ સિધ્ધિ માટે 'મહિલા રોકડ પુરસ્કાર' માટેનું ફોર્મ ભરીને સિનિયર કોચ જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર મહાત્મા ગાંધી વિદ્યામંદિર સે-૨૧ ગાંધીનગરને મોકલી આપવાના રહેશે. વર્ષ ૨૦૧૬-૧૭, ૨૦૧૭-૧૮માં મહિલા રોકડ પુરસ્કાર યોજનાથી વંચિત રહી ગયેલ ખેલાડીઓ અરજી કરી શકશે તેમ જિલ્લાના સિનિયર કોચ સમીર પંચાલે અખબારી યાદી દ્વારા જણાવાયું છે.

# એનએસયુઆઈના ગેરવર્તનના વિરોધમાં આઈઆઈટીઈ ખાતે આજે એક દિવસના ગાંધી ઉપવાસ

## છેલ્લા એક સપ્તાહથી એનએસયુઆઈના કાર્યકરો ધાકધમકી સાથે અભદ્ર ભાષાનો પ્રયોગ કરી યુનિવર્સિટીને બાનમાં લેવાનો પ્રયાસ કરતા હોવાનો આક્ષેપ

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર ખાતેની ઈન્ડિયન ઈન્સ્ટિટયુટ ઓફ ટીચર એજયુકેશન આઈઆઈટીઈ ખાતે એનએસયુઆઈના યુવા કાર્યકર્તાઓ દ્વારા ધાકધમકી આપી યુનિવર્સિટીને બદનામ કરવા પ્રયાસ એક સપ્તાહથી કરવામાં આવી રહ્યો છે તેથી યુનિવર્સિટી દ્વારા આવતીકાલે તા. ૨૫મી જાન્યુઆરીએ એક દિવસના ગાંધી ઉપવાસનું આયોજન કરવામાં આવ્યું છે. આઈઆઈટીઈના કુલપતિ શશીરંજન યાદવે અખબારી યાદીમાં જણાવ્યું છે કે 'એનએસયુઆઈ દ્વારા વિદ્યાર્થીનીઓની હાજરીમાં અણછાજતું વર્તન કરી યુનિવર્સિટીને બાનમા લેવા પ્રયાસ કરવામાં આવ્યો છે જેના સંદર્ભે આ દિશાવિહીન યુવાનોને સદબુધ્ધિ મળે અને મહિલાઓનું સન્માન કરતા શીખે તે ઉદ્દેશથી તેઓ તથા યુનિવર્સિટીનો સ્ટાફ અને વિદ્યાર્થીઓ એક દિવસના ગાંધી ઉપવાસ કરશે.'

આઈઆઈટીઈ ખાતે તા. ૨૫મી જાન્યુઆરીએ સવારે ૯ થી સાંજના ૬ વાગ્યા સુધી ઉપવાસ યોજાશે. જેમાં યુનિવર્સિટીના કુલપતિ સહિત સમગ્ર કર્મચારી ગણ અને વિદ્યાર્થીઓ જોડાશે. સંસ્થાની અખબારી યાદીમાં જણાવ્યા મુજબ છેલ્લા એક સપ્તાહથી એનએસયુઆઈના બેનર હેઠળ કેટલાક યુવાનો કુલપતિ તથા અન્ય કર્મચારીઓને ફોન કરી ચેતવણીઓ આપે છે. સંસ્થા દ્વારા યુવાનોએ જે આરટીઆઈ અંતર્ગત માહિતી માંગી છે તેને લોકશાહી ઢબે પુરી પાડવા સંસ્થા તૈયાર છે તેવા દાવા સાથે એનએસયુઆઈના ગેરવર્તન સામે ગાંધી ઉપવાસનું આયોજન કરવામાં આવ્યું છે.

## પ્રજાસત્તાક દિને ઘ-૪ના બગીચામાં સંગીતમય દેશભકિત કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર એ ગુજરાતનું પાટનગર હોવાની નાતે અહીં રાષ્ટ્રીય તહેવારોની ઉજવણી સરકારી રાહે યોજાય તે સ્વાભાવિક છે પરંતુ આ શહેરનો યુવા વર્ગ પણ હંમેશા રાષ્ટ્રીય તહેવારોની ઉજવણી માટે તત્પર હોય છે. ગાંધીનગરના યુવાનો દ્વારા ઉજવાતા આ તહેવારોમાં ઉજવણીની પધ્ધતિ પણ હંમેશા અનોખી રહે છે. આગામી તા. ૨૬મી જાન્યુઆરીએ શહેરની સંસ્કૃતિ ઈવેન્ટસ દ્વારા પ્રજાસત્તાક દિનની ઉજવણી માટે 'દેશભકિત-એક શામ દેશ કે નામ' શિર્ષક અન્વયે અનોખું આકર્ષણ રૂપ આયોજન કરવામાં આવ્યું છે.

પ્રજાસત્તાક દિને સાંજે ૬.૧૫ કલાકે શહેરના ઘ-૪ સર્કલ પાસેના સેન્ટ્રલ વિસ્ટા ગાર્ડનમાં સંસ્કૃતિ ઈવેન્ટસ આયોજિત 'દેશ ભકિત-એક શામ દેશ કે નામ' કાર્યક્રમમાં લાઈવ ગરબા, નાટક, લોકનૃત્યો, ભરતનાટયમ તથા અનપ્લગ્ડ મ્યુઝિકની ધૂમ મચશે. આ કાર્યક્રમમાં યુવાનો મનભરીને નાચી શકશે તથા ઝુમ્બા ડાન્સ વગેરેનો પણ આનંદ ઉઠાવી શકશે. મોટા ભાગની કૃતિઓ આ કાર્યક્રમમાં દેશભકિતને આધારિત રહેશે.

# રામકથા મેદાન ખાતે જિલ્લા કક્ષાના ગણતંત્ર દિનની તડામાર તૈયારીઓ શરુ



ગાંધીનગર, તા.૨૪

શહેરના સેકટર-૧૧ સ્થિત રામકથા મેદાન ખાતે ૨૬મી જાન્યુઆરી જિલ્લા કક્ષાના ગણતંત્ર દિનની ઉજવણીને અનુલક્ષી તંત્ર દ્વારા તડામાર તૈયારીઓ થઈ રહી છે. કાર્યક્રમમાં ભાગ લેનાર શાળા કોલેજના બાળકો પણ તૈયારીઓમાં વ્યસ્ત બન્યા છે.

૨૬મી જાન્યુઆરી ગણતંત્ર દિનની ઉજવણી માટે દેશભરમાં તૈયારીઓ થઈ રહી છે. ૨૬મી જાન્યુઆરી ગણતંત્ર પર્વને આડે માત્ર હવે એક દિવસ બાકી રહ્યો છે. આ ઉજવણી ને અનુલક્ષીને ગાંધીનગર જિલ્લા વહીવટી તંત્ર દ્વારા જિલ્લા કક્ષાના ગણતંત્રની ઉજવણી માટે તૈયારીઓ આરંભી દીધી છે. રામકથા મેદાન ખાતે મંડપ સ્ટેજ વગેરે બાંધવાનું શરુ કરાયુ છે. વહીવટી તંત્રના આ અધિકારીઓ તૈયારીને લઈ સતત મોનીટરીંગ પણ કરી રહ્યા છે. બીજી તરફ ૨૬મી જાન્યુઆરી ગણતંત્ર પર્વના માટે વિવિધ કાર્યક્રમો રજુ કરનારા શાળા કોલેજના યુવાનો પણ તૈયારીઓમાં લાગી ગયા છે.

## સે-૨૩ના સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા સમૂહ યજ્ઞોપવિત યોજાશે

ગાંધીનગર, તા.૨૪

શ્રી સમસ્ત બ્રહ્મસમાજ સેકટર-૨૩ ગાંધીનગર દ્વારા તા. ૨૪મી ફેબ્રુઆરીના મહાવદ છઠ્ઠના રોજ પાંચમા સમુહ યજ્ઞોપવિતનું આયોજન કરવામાં આવેલ છે. તે અંતર્ગત શનિવારે તા. ૨૩મી ફેબ્રુઆરીએ સાંજે રાસ ગરબા યોજાશે. બીજા દિવસે રવિવારે સવારે ૬ કલાકે શાસ્ત્રોકતવિધિથી બ્રાહ્મણો વિદ્વાન આચાર્યશ્રી સાથે સમુહ યજ્ઞોપવિત વિધિ ચાલુ થશે. તો સમસ્ત બ્રહ્મસમાજના જે કોઈ વાલીએ બટુકને યજ્ઞોપવિત ધારણ કરાવવાની ઈચ્છા હોય તેમણે સમસ્ત બ્રહ્મ સમાજ સે-૨૩ના પ્રમુખ નરેન્દ્ર વ્યાસ મો. ૯૮૯૮૦ ૩૨૬૫૯ અને સે-૨૩ કારબારી સભ્યશ્રીનો સંપર્ક કરી નામ નોંધાવવા તથા બ્રહ્મભવન સે-૧૬ ખાતે પણ સંપર્ક કરી ફોર્મ મેળવી, ભરીને તા. ૩૧મી જાન્યુઆરી સુધીમાં પરત કરવા જણાવાયું છે.

# પેથાપુર જૈન દેરાસર પાસે વરલી મટકાનો જુગાર રમાડતા બે ઝડપાયા

ગાંધીનગર, તા.૨૪

પેથાપુર પોલીસ ગઈકાલે ટાઉન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન પેથાપુર પોલીસની ટીમને બાતમી મળી હતી કે જૈન દેરાસર પાસે રોડ ઉપર વરલી મટકાનો જુગાર રમાઈ રહ્યો છે. આ બાતમીના આધારે પેથાપુર પોલીસની ટીમે દરોડો પાડી ખુલ્લેઆમ વરલી-મટકાનો જુગાર રમાડી રહેલા બે શખ્સોને દબોચી લીધા હતા. પોલીસે રૂ.૨૪૦૦ના મુદ્દામાલ સાથે બંને શખ્સોની ધરપકડ કરીને તેમની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પેથાપુર પોલીસ મથકના પી એ સ આ ઈ એ.જી.એનૂરકારની ટીમ ગઈ કાલે ટાઉન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી ત્યારે એ.એસ.આઈ હર્ષરાજસિંહને બાતમી મળી હતી કે જૈન દેરાસર પાસે રોડ ઉપર બીપીનભાઈ ઉર્ફે કાળીદાસ સેવંતિલાલ ભાવસાર વરલી મટકાનો જુગાર રમાડી રહ્યો છે. આ બાતમીના આધારે પેથાપુર પોલીસની ટીમે બાતમીના સ્થળે દરોડો પાડીને સ્થળ પરથી વરલી મટકાના આંકડા તથા રોકડ રૂ.૨૪૦૦ ના મુદ્દામાલ સાથે બીપીન ઉર્ફે કાળીદાસ ને પકડી પાડયો હતો. બીપીન જે વરલી મટકા જુગાર રમાડી રહ્યો હતો તે વલ્લીનું કટીંગ પેથાપુરનો ગણપત નટવર વાઘેલાને આપતો હોવાનું પૂછપરછ દરમિયાન જણાવતા પેથાપુર પોલીસે ગણપત વાઘેલા સામે પણ ગુનો દાખલ કરીને બંને શખ્સોને દબોચી લીધા હતા.

## ગુપ્તા સ્પોર્ટસ તરફથી સે-૧૪માં પ્રજાસત્તાક દિનની ઉજવણી કરાશે

ગાંધીનગર, તા.૨૪

ગુપ્તા સ્પોર્ટસ કાઉન્સિલના રાજીવ ગુપ્તા અને જાગૃત વસાહત ફોરમના ઉપક્રમે સે-૧૪માં ગુપ્તા સ્પોર્ટસ ખાતે પ્રજાસત્તાક દિનની શાનદાર ઉજવણી કરવામાં આવશે.

દેશ ભકિતના શૌર્ય ગીતોની રમઝટ સાથે અને વસાહતી ભાઈ-બહેનો અને બાળકોની ઉપસ્થિતિમાં વંદે માતરમ અને ભારતમાતાની જયના નારા સાથે ઉમેશ ગુપ્તાજી નિવૃત્ત એરફોર્સ ઓફિસરના વરદહસ્તે ધ્વજવંદન સવારે ૯ કલાકે કરવામાં આવશે અને દેશકિતના ગીતો રજુ કરવામાં આવશે.

ધ્વજવંદનના કાર્યક્રમમાં ગુપ્તા પરિવાર તરફથી રમત ગમત સ્પર્ધાનું આયોજન કરવામાં આવશે અને બાળકોને ઈનામ વિતરણ કરી પ્રોત્સાહિત કરવામાં આવશે. દર વર્ષે સે-૧૪માં ગુપ્તા પરિવાર તરફથી ૨૬મી જાન્યુઆરી અને ૧૫મી ઓગષ્ટના દેશ ભકિતના કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે તે બદલ જાગૃત વસાહત ફોરમના સર્વે સમસ્ત ગુપ્તા પરિવારજનો આભાર માને છે. આ સુંદર કાર્યક્રમમાં ગુપ્તા પરીવાર તરફથી ફલેગ તથા ઈનામો પણ આપવામાં આવે છે. સમગ્ર કાર્યક્રમનું સંચાલન રાજીવ ગુપ્તા અને મહેન્દ્રભાઈ કે. ચૌહાણ સંભાળશે.

## સેકટર-૪ને મતદાન મથક નજીક ફાળવવા પ્રવિણાબેનની રજુઆત

ગાંધીનગર, તા.૨૪

સેકટર-૪-સી, સે-૪-ડી અને ઈન્ફોસીટીના મતદાતાઓને લોકસભા ચૂંટણીમાં મતદાન મથક નજીક ફાળવવા માટે ગાંધીનગર મહાનગર પાલિકાના કાઉન્સિલર પ્રવિણાબેન જે. વોરાએ જિલ્લા ચૂંટણી અધિકારીને તા. ૨૫મી જાન્યુઆરીએ મતદાર દિવસ ઉજવાય છે તે અંતર્ગત સેકટર-૪ના મતદારો માટે નજીકનું મતદાન મથક ફાળવવા માંગણી કરેલ છે.



આજે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી દ્વારા જાણીતા હાસ્ય કલાકાર સાંઈરામ દવે સાથે મળીને બોર્ડની પરીક્ષાના વિદ્યાર્થીઓ સાથે 'પરીક્ષાનો ડર દૂર કરવા' અંગે વિડિયો કોન્ફરન્સ યોજવામાં આવી હતી. આ કાર્યક્રમ માટે ગાંધીનગરના કુડાસણ ખાતેની સ્વામિનારાયણ ધામ ઈન્ટરનેશનલ સ્કૂલના વિદ્યાર્થીઓની પસંદગી કરાઈ હતી. બાયસેગ સ્ટુડિયો ખાતેથી યોજાયેલા વિડિયો કોન્ફરન્સમાં શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા વિદ્યાર્થીઓ સાથે ઉપસ્થિત રહ્યા હતા.

# ગાંધીનગર જિલ્લામાં રેતી ખનન અને રેતી વહન પર પ્રતિબંધ મૂકાતા કલેકટરને રજૂઆત

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર આસપાસના નદીના પટમાં લીઝ ધારકો દ્વારા રેતી ખનન અને રેતી વહનની પ્રવૃત્તિ ઉપર ગાંધીનગર જિલ્લા કલેકટર દ્વારા જાહેરનામું બહાર પાડી બે માસ માટે સંપૂર્ણ પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. જે જાહેરનામાના વિરુધ્ધમાં વિવિધ લીઝ હોલ્ડર્સ એસોસીએશનના હોદ્દેદારોએ જિલ્લા કલેકટરને આવેદનપત્ર આપ્યું હતું અને જાહેરનામું તાત્કાલિક ધોરણે રદ કરી ન્યાયની માંગ કરી છે.

ગુજરાત સરકારના ખાણ ખનીજ વિભાગના નિયમોનુસાર જે કોઈને લીઝ મંજુર થયેલ હોય તો તેમાં ૨૪ કલાક રોયલ્ટી આપવાનો નિયમ અગાઉ હતો પરંતુ ૨૦૧૨માં રોયલ્ટી સવારે ૬ થી સાંજના ૬ સુધી જ નીકળશે તેવું નક્કી કરાયું હતું. અમદાવાદ ગાંધીનગર જેવા મોટા શહેરોમાં પ્રતિબંધિત વિસ્તારમાં રાત્રિ દરમિયાન નો એન્ટ્રી ખુલ્લી હોવાથી લીઝ ધારકો સ્ટોરેજમાંથી ટ્રકો ભરીને રાત્રે બિલ્ડરોની સાઈટો ઉપર રેતી નાખતા વહન કરતા હતા અને સરકારને રોયલ્ટીથી આવક થતી હતી અને ટ્રકો સાથે જોડાયેલા તમામ વર્ગોને રોજગારી મળી રહેતી હતી.

ગાંધીનગર જિલ્લા કલેકટરે ગુજરાત પોલિસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૩૩ (૧) અન્વયેનું જાહેરનામું બહાર પાડી રાત્રિ દરમિયાન સ્ટોકમાંથી રેતીનું ખનન અને વહન ઉપર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. આ પ્રતિબંધ બે માસ સુધી મુકવામાં આવ્યો છે. આ જાહેરનામાથી લીઝ પ્રવૃત્તિ સાથે સંકળાયેલા વ્યકિતઓને મોટું આર્થિક નુકશાન થાય તેમ છે તેવું ધી ગાંધીનગર જિલ્લા માલિક લીઝ હોલ્ડર્સ એસોસીએશન દ્વારા મુખ્યમંત્રી સહિત ઉચ્ચ અધિકારીઓને આવેદનપત્ર આપ્યું હતું અને જાહેરનામું તાત્કાલિક ધોરણે રદ કરવા માંગ કરી હતી અને ન્યાય નહીં મળે તો ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવાની પણ ચીમકી હોદ્દેદારોએ ઉચ્ચારી છે.

## ચિરવિદાય

- સ્વ. પ્રભાવતીબેન ચીમનલાલ ત્રિવેદી, ઉ.વ. ૮૮
- સ્વ. સવિતાબેન અમૃતલાલ ભાવસાર, ઉ.વ. ૭૮
- સ્વ. મધુબેન હિરાભાઈ ચૌહાણ, ઉ.વ. ૭૫